# મોડાસા-હિંમતનગર માર્ગ પર ભયજનક ભુવા પડતા વાહનચાલકો ત્રાહીમામ

## આળસુ નગરપાલિકાતંત્ર અકસ્માતની રાહ જોતુ હોય તેમ લાગી રહ્યું છે

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચોમાસાની ઋતુ શરૂ થતાની સાથે જ મુખ્ય માર્ગો પર અને સોસાયટી વિસ્તારના માર્ગો હાલ બેહાલ થઈ જાય છે. મોડાસા શહેરના મુખ્ય માર્ગો મોડાસા-હિંમતનગર મુખ્યમાર્ગ પાણીથી મસમોટો ભુવો પડ્યો છે. મોડાસા-હિંમતનગર મુખ્ય માર્ગ પર મસમોટો ભુવો પડતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને ટુ-વ્હીલર ચાલકો જીવના જોખમે અહીંથી પસાર થતા નજરે ચડે છે. અતિશય મોટો ભુવો પડ્યો હોવા છતાં નગરપાલિકાતંત્ર કે પછી સરકારીતંત્ર



પર મસમોટો ભુવો પડતા અહીંથી પસાર થતા વાહન ચાલકોની હાલત કફોડી બની છે.

મોડાસા શહેરમાં ચોમાસાનુ ધીમા પગલે આગમન શરૂ થતાની સાથે જ નગરજનોમાં મુખ્યમાર્ગ પર પડેલા ભુવાના લીધે તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા-હિંમતનગર અને મોડાસા-શામળાજીનો મુખ્ય માર્ગ એવો મોડાસા ચાર રસ્તાથી થોડેક જ દૂર આવેલી ડી.વાય.એસ.પી. ઓફિસની સામે અઠવાડિયાથી આ રોડ પર મસમોટો ભુવો પડી ગયો છે. મોડાસા શહેરના અનેક વિસ્તારોમાં ચોમાસાની શરૂઆતમાં જ વરસાદી દ્વારા યોગ્ય કાર્યવાહિ ન કરતાં પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. મસમોટા ભુવાની બાજુમાં આવેલા દુકાનદારોના જણાવ્યા અનુસાર આજે અહીંથી પસાર થતા ૨ મોટરસાયકલ ચાલકો ભુવામાં પડતાં શારીરિક ઈજાઓ થતાં દવાખાને સારવાર લેવી પડી હતી. હિંમતનગર તરફથી પુરઝડપે આવતા વાહનચાલકો અચાનક આવી પડેલા ભુવાને જોઈને સંતુલન ગુમાવી નાના નાના અકસ્માતો પણ પાછલા ત્રણ દિવસથી બનવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહિ ન કરતા દુકાનધારકો અને વાહનચાલકોમાં રોષ ફેલાયો છે.

# કોંગ્રેસની યોજનાઓના નામને બદલી ફરી રજૂ કરાઈ રહી છે

## કુલ ૪૨૦ દિવસના કેન્દ્રના શાસનમાં પ્રજાનો મોહ ભંગ થયો છે અને દેશના લોકો છેતરાયાની લાગણી અનુભવ કરી રહ્યા છે : અહેમદ પટેલનો આક્ષેપ

અમદાવાદ, તા.૨૫

કોંગ્રેસ પક્ષની વિસ્તૃત



કારોબારીના નવસર્જન ગુજરાત બેઠકમાં ઉપસ્થિત પ્રદેશ પદાધિકારીઓ, કારોબારી સભ્યઓને સંબોધન કરતાં કોગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોગ્રેસ પક્ષના ૬૦ વર્ષના શાસનમાં અનેક વિકાસકીય-કલ્યાણકારી યોજના અમલમાં મુકવામાં આવી કોઈને તે દેખાય નહિં કોગ્રેસ પક્ષનો વાંક નથી. કોગ્રેસ પક્ષની યોજનાઓના નામોમાં ફેરફાર કરીને પોતાનાં નામે યોજનાઓ જાહેર કરવાની નીતિ હાલની કેન્દ્ર સરકારની છે. ૪૨૦ દિવસના કેન્દ્રના શાસનમાં પ્રજાનો મોહભંગ થયો છે અને દેશનાં નાગરિકો છેતરાયાની લાગણી અનુભવી રહ્યા છે. સોનાની દેખાતી ચમક હકીકતમાં ગિલેટ હતો જેની ચમક ઉતારવાની શરૂઆત થઈ ગઈ છે અને લોકો સામે તે અસલિયત જાહેર થઈ રહી છે. કેન્દ્ર સરકારે ચૂંટણી પહેલા કરેલી મોટી મોટી વાતોમાં ૩૩ જેટલી બાબતોમાં યુ-ટર્ન લીધો છે. કેન્દ્ર સરકારે ચૂંટણી પહેલા કરેલી મોટી મોટી વાતોમાં ૩૩ જેટલી બાબતોમાં યુટર્ન લીધો છે. ગુજરાત મોડેલના નામે મોટો મોટો પ્રચાર કરી મત લેનારાઓ આજે હકીકતમાં પરેશાનીનો સામનો કરી રહ્યા છે. કેન્દ્રની ભાજપ સરકારે જાહેર કરેલ જનધન યોજના, અટલ વીમા યોજના અને પેન્શન યોજનામાં જે જોગવાઈ કરવામાં આવી છે. તેમાં લાભાર્થીઓએ અનુક નાણા જમા કરાવવાના હોય છે. કોંગ્રેસ સરકારે



જે તે સમયે દાખલ કરેલ પેન્શન યોજના, વીમા યોજનામાં ગરીબ પાસેથી એક પણ પ્રકારના નાણા લીધા સિવાય સીધા લાભ આપવાની જોગવાઈ કરવામાં આવી છે કેન્દ્રની ભાજપ સરકાર વહીવટી નિષ્ફળતા છુપાવવા માટે ઈવેન્ટનું આયોજન કરે છે. યોગ સારી વસ્તુ છે પણ તે દેખાડા માટે ન હોઈ શકે. વડોદરા નગરી સાથે ઐતિહાસિક સંસ્મરણોને યાદ કરતાં અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડોદરામાં ૧૯૦૭માં એ આઈ સી સીની અધિવેશન મળ્યું હતું. ૧૯૪૦ માં મહાત્મા ગાંધીની પ્રેરણાથી સરદાર વલ્લભભાઈ અને અન્ય આગેવાનોએ પ્રજામંડળના માધ્યમથી ગાયકવાડી સરકારના વહીવટી તંત્ર એ અનુભવો કેળવવા આયોજન કર્યું હતું. જે પાછળની અંગ્રેજો સામે લડત માટે ઉપયોગી સાબિત થયું હતું. ગાયકવાડ સરકાર દ્વારા દાદાભાઈ નવરોજીને લંડન ખાસ મોકલવામાં આવ્યા હતા. ૧૯૧૧માં જ્યોર્જ-૬ એ ગાયકવાડ સરકારની મુલાકાત લીધી હતી ત્યારે બીજા બધાએ મસ્તક ઝુકાવ્યું હતું પણ ગાયકવાડે સર નમાવ્યું ન હતું. તે પ્રસંગના યાદ કરીને જણાવ્યું કે, સર કટા સકતે હે લેકિન સર જુકા સરતે નહિ તે જ રીતે કોંગ્રેસના કાર્યકરો ગમે તેવા પડકાર સામે જુકશે નહિ. કેન્દ્રમાં કોગ્રેસની સરકારે ખેડુતોના દેવા માફીથી લઈને પોલીસ આધુનિકરણ, મરીન પોલીસ સ્ટેશનોની સ્થાપના માટે નાણા સહીત અન્ન સુરક્ષા અધિકાર, મનરેગા યોજના સહીત સામાજિક સુરક્ષા યોજના અમલમાં મુકીને નાનામાં નાના લોકોના સશક્તિકરણ માટે પ્રતિબદ્ધતાથી કામગીરી કરી અને ગરીબો માટે તેના લાભ મળે તે માટે કાનુની જોગવાઈ કરવામાં આવી.

# અરવલ્લી જિલ્લામાં ઝરમર વરસાદ

## સતત ૨૪ કલાકથી ધીમી ધારે મેઘરાજાએ પધરામણી કરતાં વાતાવરણમાં ઠંડક

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ ધીમા પગલે પધરામણી કરતા જિલ્લાના પ્રજાજનો અને જગતના તાતમાં આનંદ છવાયો હતો. મેઘરાજાએ રીસામણા લીધા પછી જાણે મેઘમહેર કરી હોય તેમ સતત ૨૪ કલાકથી ઝરમર વરસાદ પડતાં ધરતી માતાના હૈયે ટાઢક વળતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લામાં મેઘરાજાની સતત વરસતાં ભૂમિપુત્રોની મુરજાતી મોલાતને જીવતદાન મળ્યું છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં અને અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુમાં પ્રારંભમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. પરંતુ મેહુલીયાએ રીસામણા કર્યા હોય તેમ લાંબા વિરામ પછી અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી અનેક વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટા પડ્યા હતા. અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુમાં અત્યાર સુધી સિઝનનો સૌથી વધુ વરસાદ માલપુર તાલુકામાં ૩૦૦ મીમી નોંધાયો છે. જ્યારે સિઝનનો સૌથી ઓછો વરસાદ બાયડ તાલુકામાં ૧૬૬ મીમી નોંધાયો છે. જ્યારે જિલ્લાના અન્ય તાલુકા જેવા કે મોડાસા તાલુકામાં ૨૪૯ મીમી., ભિલોડા તાલુકામાં ૨૭૬ મી.મી., મેઘરજ તાલુકામાં ૨૭૯ મી.મી., તથા ધનસુરા તાલુકામાં ૨૪૪ મી.મી. નોંધાયો હતો. અરવલ્લી જિલ્લામાં ખેતીલાયક વરસાદ થવાની સાથે સમગ્ર જિલ્લામાં ઝરમર વરસાદ રહેતાં ખેતીને સાનુકૂળ વરસાદ વરસતાં જગતના તાતમાં ખુશીનો માહોલ સર્જાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સમગ્ર ગુજરાત રાજ્ય અને અરવલ્લી જિલ્લામાં અરબી સમુદ્રમાં સર્જાયેલા હળવા દબાણની અસર હેઠળ જિલ્લામાં હજુ ૪૮ કલાક સુધી સામાન્યથી અતિભારે વરસાદ થવાની આગાહીથી જિલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ ફેલાયો છે.

# રાજ્યના ૧૭૫ તાલુકાઓમાં વરસાદ

સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ મન મુકીને પધરામણી કરતા અનેક શહેરોમાં ભારે વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૭૫ તાલુકાઓમાં વરસાદ થવા પામ્યો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ૧૮૦ મી.મી. એટલે કે સાડા સાત ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૭૫ તાલુકામાં નોંધાયેલા વરસાદના આંકડા આ પ્રમાણે છે. જેમાં વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૧૮૦ મી.મી., પારડીમાં ૧૧૫ મી.મી., કપરાડામાં ૬૯ મી.મી., ડાંગ જિલ્લાના ડાંગ આહવામાં ૯૦ મી.મી., સુબીરમાં ૧૧૬ મી.મી., વઘઈમાં ૧૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

સુરત જિલ્લાના મહુવામાં ૧૩૫ મી.મી., માંડવીમાં ૧૦૩ મી.મી., ઉપરપાડામાં ૧૬૬ મી.મી., તાપી જિલ્લાના વ્યારામાં ૧૬૧ મી.મી., સોનગઢમાં ૧૪૪ મી.મી., વાલોડમાં ૧૫૧ મી.મી., નર્મદા જિલ્લાના સાગબારામાં ૧૦૨ મી.મી. જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છએ.

જ્યારે સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ખમૈયા કર્યા છે જો કે કેટલાક શહેરોમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. આજ રીતે ઉત્તર ગુજરાતમાં પણ સામાન્ય વરસાદ નોંધાયો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

## મહેસાણા જિલ્લા પંચાયતનો પૂર્વ સન્માન સમારોહ ફારસ બન્યો : ડૉ. કાન્તીભાઈ રાવલ

મહેસાણા, તા.૨૫

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા તાજેતરમાં આયોજીત જિલ્લા પંચાયતના પૂર્વ પદાધિકારી અને નાગરિકોનો સન્માન સમારોહ તદ્દન ફારસ બન્યો છે. તેમ મહેસાણા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન ડૉ. કાંતિલાલ રાવલે આક્ષેપ સાથે જણાવ્યું હતું.

મહેસાણા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના પૂર્વ પદાધિકારી, પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્યો તેમજ નાગરિકોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. પરંતુ સન્માન પત્રોમાં નામ નથી જવાબદાર અધિકારી કે પદાધિકારીની સહી નથી આવા સન્માનપત્રનો અર્થ શું? આ પૂર્વ પદાધિકારીઓનું સન્માન નહી પણ અપમાન જ કહેવાય અને આવા કાર્યક્રમો દ્વારા લાખો રૂપિયાનું નુકશાન છે ને રાજય સરકાર પ્રજાના પૈસાનો આવો દુર ઉપયોગ કરવાનું રાજય સરકાર બંધ કરે તે જરુરી છે. મહેસાણા જિલ્લાનો આ સમારોહ લોક દ્રષ્ટિએ ટીકાને પાત્ર બન્યો છે.

# અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં સ્ટાફના અભાવે અરજદારોને પારાવાર મુશ્કેલીઓ

અરવલ્લી જિલ્લાનું સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન થયા બાદ આરટીઓ કચેરી અને એઆરટીઓ રજીસ્ટ્રેશન કચેરી અને કચેરીના મકાન અંગે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા બાદ રાજય વાહન વિભાગ દ્વારા અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર ખાતે ગામ નજીક ફાર્મસી કોલેજના મકાનમાં એ.આર.ટી.ઓ. અને આરટીઓ કચેરી શરૂ કરવામાં આવતા પ્રજાજનોમાં ખુશી ફેલાઈ હતી પરંતુ આ કચેરીના અણઘડ વહીવટ અને સક્ષમ અધિકારીઓની ઉણપ અને ગેરહાજરીના પગલે જિલ્લાના પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. પ્રજાજનોને વારંવાર ધક્કા ખાવા છતાં લાયસન્સ મેળવવા માટે ફાંફા મારવા પડી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાનું નિર્માણ થયા બાદ રાજય વાહન વિભાગ દ્વારા અરવલ્લી જિલ્લાના પ્રજાજનોની તાતી જરૂરીયાત એવી અને જિલ્લાના પ્રજાજનોની વારંવાર ઉચ્ચ કક્ષાએ કરેલી રજૂઆતના પગલે મોડાસા શહેરમાં હાલ હંગામી ધોરણે મોડાસા ગાજણ ટોલટેક્સ પ્લાઝા નજીક આવેલી ફાર્મસી કોલેજમાં ખાનગી મકાનમાં આરટીઓ અને એઆરટીઓ કચેરીનું કામકાજ શરુ કરી વાહનોનું પાસીંગ અને વાહન ચાલકોને લાયસન્સ આપવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવતા જિલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. પરંતુ આ ખુશી ક્ષણિક હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં આ કચેરીને નિર્માણ થયાને ૪ મહિના જેટલો સમય વિતવા છતાં ઠેકાણા જ પડતા નથી તેવો ઘાટ સર્જાયો છે. અરવલ્લી જિલ્લાના વાહનચાલકો



નવા લાયસન્સ મેળવવા અને જુના લાયસન્સ રીન્યુ કરાવવા મોડાસા શહેરની ઓફીસમાં મેઘરજ, માલપુર, ભિલોડા અને ધનસુરા તેમજ બાયડ તાલુકાના પ્રજાજનો ૫૦ કિમી જેટલું લાંબી મુસાફરી કરીને રૂપિયા ખર્ચીને આવતા હોય છે ત્યારે આ કચેરીના અધિકારીઓ મીટીંગમાં વ્યસ્ત રહેતા હોવાથી અને કચેરીના અધિકારીઓ કચેરીમાં જાણ કર્યા વગર ગમે ત્યારે ગેરહાજર રહેતા હોવાથી જિલ્લાના પ્રજાજનોનો સમય અને રૂપિયાના નાણા વેડફાયા હોવાથી જિલ્લાના પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આજે શુક્રવારના રોજ ૩૦થી વધારે લોકો લાયસન્સ કઢાવવા આવ્યા હતા અને સવારથી લાઈનમાં ઉભા રહ્યા પછી છેક ૧.૩૦ વાગે કચેરીના કર્મચારીઓ દ્વારા સક્ષમ અધિકારી ગેરહાજર હોવાનું જણાવતાં લાયસન્સ ધારકો ડેલીએ હાથ દઈને ખાલી હાથે પાછા ફરવાનો ઘાટ સર્જાયો હતો.

## સરખેજમાં પાણી ભરાતા સામાન્ય લોકોને તકલીફ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરમાં સામાન્ય વરસાદમાં અનેક વિસ્તારઓમાં પાણી ભરાઈ જાય છે. જેના લીધે શહેરીજનો ત્રાહિમામ પોકારી જાય છે. મ્યુનિ. તંત્ર દ્વારા દર વર્ષે પાણી ન ભરાય તેની પાછળ લાખોનો ધુમાડો કરે છે. તેમ છતાં પણ જૈસે થેની સ્થિતિ જોવા મળે છે. આજરોજ સરખેજ વિસ્તારમાં પાણી ભરાતા વોર્ડના કોર્પોરેટર હાજીભાઈએ તંત્રની બેદરકારી આક્ષેપ કર્યો છે. અત્રે નોંધનીય છે કે, શહેરમાં અત્યાર સુધી જેટલી પણ વાર સામાન્ય વરસાદ પડયો એટલી વાર અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. તેમજ તે ભરાઈ ગયેલા પાણી તંત્ર દ્વારા જલ્દીથી ઉલેચવામાં પણ આવતું નથી. પરિણામે રોગચાળો વકરે છે. હાલમાં તો શહેરમાં મ્યુનિ. તંત્ર દ્વારા અનેક વિસ્તારોમાં ખાડા પણ ખોદવામાં આવેલા છે. તે ખાડાઓમાં પાણી ભરાઈ જવાથી શહેરીજનો તેનો ભોગ બને છે. મ્યુનિ.તંત્ર દ્વારા દર વર્ષે વરસાદી પાણી ઉલેચવા માટે લાખો રૂપિયાનું આંધણ કરવામાં આવે છે તેમ છતાં પાણીનો ભરાયેલા જ રહે છે.

## શબ્દાવલી - ૫૭૯૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | | | | ■ |
| ■ | ૮ | | | | ■ | | ■ |
| ૯ | | ■ | | ■ | ૧૦ | ■ | ૧૧ |
| | ■ | ૧૨ | | ૧૩ | | ■ | |
| | ■ | ૧૪ | | | ■ | ૧૫ | |
| ૧૬ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | |
| ■ | | ■ | ૧૯ | | | | ■ |

### આડી ચાવી

૧. દીકરીનો દીકરો (૩)
૩. અર્થ, ભાવાર્થ (૪)
૬. દશરથ રાજાનો મોટો પુત્ર (૨)
૭. પગલાનો અવાજ (૪)
૮. સિંહ, જંગલનો રાજા (૪)
૯. વરસાદ (૨)
૧૨. ખિતાબ, એવોર્ડ (૪)
૧૪. રૂપુ, ચાંદી (૩)
૧૫. તરતનું, તાજુ (૨)
૧૬. રોકડા, ઉધાર નહિ તેવા(૩)
૧૮. મનાઇ, બંધી, પ્રતિબંધ(૨)
૧૯. હેતુ, આશય (૪)

### ઊભી ચાવી

૧. સૂતર, ધાગા (૨)
૨. ખુબ ઠંડી પડવી, બરફનો વરસાદ (૪)
૩. ભેજુ, ખોપડીની અંદર રહેલ નરમ અવયવ (૩)
૪. મલાઇ, લીન (૨)
૫. મીઠું, સબરસ (૩)
૭. ફુલની રજ (૫)
૯. દેવ-દેવીએ આશા પુરી કરવા આપેલ વચન (૪)
૧૦. સ્થિર, નિશ્ચલ (૨)
૧૧. ખુબ ભાવના ભર્યો આદર સત્કાર (૪)
૧૨. આસોની કાર્તિક માસ સુધીની ઋતુ (૩)
૧૩. પાતળો, લાડમાં પતિને કહેવાય (૪)
૧૫. નમસ્કાર (૩)
૧૭. વેગ, ઝડપ (૨)

### શબ્દાવલી ૫૭૯૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) તાજપોશી (૪) નુપુર (૫) બાપડુ (૭) ગીઝર (૮) ગળથુથી (૧૦) પોડુ (૧૧) છપરપગી (૧૩) ગડ (૧૪) લત (૧૫) શેરથા (૧૬) કાજ (૧૭) કાજગ (૧૮) કતરાવું

**ઊભી ચાવી :-** (૧) તાજગી (૨) પોબાર (૩) શીપ (૬) ડુગડુગી (૯) થીગડથાગડ (૧૦) પોપસંગીત (૧૧) છલકાતુ (૧૨) તપજ (૧૩) ગરજ (૧૫) શેકાવું

ટચૂકડી જાહેર ખબર

**વેચવાની છે**

કોમર્શીયલ જમીન
૫૬ ફૂટ x ૧૬ ફૂટ, ૧ ચો.ફૂટના રૂ. ૭૦૦૦-૦૦, ગ્રાઉન્ડ ફલોરમાં બાંધકામ છે. પાંચ FSI મળી શકે. કાર પાર્કીંગની જગ્યા. સે.૩૦ મેઈન શોપીંગમાં જંત્રી ભાવ મુજબ દસ્તાવેજ કરી વેચાણ આપવાની છે.
ફોન : ૯૬૬૨૩૫૮૪૪૦

## ડોલ મેકિંગ આર્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતમાં ડૉલ દ્વારા ગુજરાતની સંસ્કૃતિ, સમાજ, લોકનૃત્યો જેવા કે ગરબા-રાસ તેમજ પહેરવેશ સહિતની અનેક પરંપરાગત બાબતોને અમેરિકન ગુજરાતીઓ સમક્ષ પ્રસ્તુત કરશે. આ સાથે તેઓએ તૈયાર કરેલ એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ પ્રદર્શિત કરાશે જેમાં કલાશ્રી ફાઉન્ડેશનની ક્રિએટીવીટી, મહિલાઓને ડૉલ મેકિંગ દ્વારા અપાતી રોજગારલક્ષી તાલીમ વગેરેને પ્રદર્શિત કરાશે. આ પ્રદર્શનમાં આશરે ૪૫ હજારથી વધુ મુલાકાતીઓ મુલાકાત લેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યપાલના હસ્તે એવોર્ડ મેળવનાર રંજનબેન ભટ્ટ ૧૯૬૦થી ડૉલ મેકિંગના કાર્યમાં પ્રવૃત્ત છે અને આજે ૭૩ વર્ષની ઉંમરે એટલા જ ઉત્સાહથી પ્રવૃત્ત છે. તેમના પુત્ર હરીન ભટ્ટને ડૉલ મેકિંગ આર્ટ માતાના વારસામાં મળી છે અને તેઓ આ કળાને એટલી વિકસાવી ચુક્યા છે કે આજે ઢુકે સ્થિત ઈન્ટરનેશનલ ડૉલ મેકર્સ એસોસિએશનના એકમાત્ર સભ્ય છે. આ એસોસિએશનમાં એશિયાના માત્ર ચાર જ સભ્યો છે. હરીન ભટ્ટ ૪૦ પ્રકારની ડૉલ બનાવે છે. જેમાં તેઓ માત્ર કાપડ, માટી અને વાયરનો ઉપયોગ કરે છે અને સજાવટ માટે વિવિધ લેસ અને નેમનો ઉપયોગ કરવામાં આવે છે. ડૉલ મેકિંગને માસ્ટર ક્રાફ્ટ ગણવતા હરીન ભટ્ટનું મિશન છે કે કોઈ જ શોર્ટકટ વિનાના પ્યોર આર્ટ દ્વારા પ્રોડક્ટ ભલે મોંઘી બને પણ હાથ બનાવટથી નેચર ફ્રેન્ડલી જ બનાવવી અને તેના દ્વારા જરૂરિયાતમંદને રોજગારી મળે તેવો પ્રયાસ કરવો. આ વર્ષે તેઓ ખાદી અને વાંસમાંથી ડૉલ બનાવવાનો પ્રયાસ કરનાર છે તેમજ તેમનું ધ્યેય ગિનીશ બુક ઓફ વર્લ્ડમાં સ્થાન મેળવવાનું છે.

## પુનઃ પધરામણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૧.૬ ડિસે અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિસે નોંધાયું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૭૦ ટકા રહ્યું હતું. જયારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૧૪ મીમી જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૧૧૯ મીમી થયો છે.

રાજયમાં આગામી ૪૮ કલાક દરમિયાન સામાન્યથી ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લો પ્રેશર સિસ્ટમ ઉભી થવાને કારણે પુનઃ રાજયમાં વરસાદ સક્રિય થયો છે. આગામી ૪૮ કલાક દરમિયાન રાજયના જુદા જુદા વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદ થવાની આગાહી વ્યકત કરવામાં આવી છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭૫ તાલુકાઓમાં વરસાદ થવા પામ્યો છે.

## વનમહોત્સવની ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. જિલ્લા કક્ષાની આ વન મહોત્સવની ઉજવણીના પ્રારંભે માર્ગ મકાન મંત્રી નિતિનભાઈ પટેલ હાજરી આપશે. આ ઉપરાંત જિલ્લા કલેકટર શ્રી રવિશંકર સી સી એફ એમ એસ યાદવ જિલ્લા વન અધિકારી કે ટી પરમાર ઉપરાંત વન વિભાગના ક્ષેત્રિય કર્મચારીઓ તેમજ શાળાના ૧ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ હાજર રહેશે. અગાઉના વર્ષોમાં વર્ષ ૨૦૦૯માં કંથારપુર ત્યારબાદ અડાલજ હનુમાન મંદિર વર્ષ ૨૦૧૧માં માણસા આનંદીમાંનો વડલો ત્યારબાદ દહાગામ નીલકંઠ મંદિર વર્ષ ૨૦૧૩માં કલોલ પી ટી સી કોલેજ ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જયારે ગત વર્ષે કરાઈ અકાદમીમાં વન મહોત્સવની ઉજવણી થઈ હતી. ગાંધીનગર જિલ્લામાં વન મહોત્સવની ઉજવણીને સાર્થક કરવા પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.જયારે ગાંધીનગરને ગ્રીન સીટી ની આગવી ઓળખથી પરત નવાજવા નગરના પ્રકૃતિ પ્રમીઓ પણ વનીકરણ માટે ઉત્સુક બન્યા છે. નગરજનોમાં વૃક્ષોના ઉછેર તેમજ જાળવણી માટે જાગૃતિ કેળવાઈ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જો કે વન વિભાગ દ્વારા આ વખતે રથયાત્રા દરમિયાન નગરમાં રોપાઓનુ વિતરણ કરવામાં ન આવતા નગરજનોમાં નારાજગી વ્યાપી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## એન્ટી લારવેલ બોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે આવા કેટલા સ્થળો હશે તેનો ચોક્કસ અંદાજ નથી પરંતુ દરેક પ્રા.આ. કેન્દ્ર દ્વારા સરેરાશ પાંચસોથી એક હજાર જેટલા આવા એન્ટી લારવેલ બોલ તૈયાર કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ ખાસ રેમીડકીટો પણ કન્સ્ટ્રકશન સાઈટ માટે તૈયાર કરી અને વિતરણ કર્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પોરા શોધક સ્પર્ધાનું આયોજન કરવાનું પણ તંત્રએ વિચાર્યુ છે. ગત વર્ષે મળેલા સારા પ્રતિસાદને લઈ આ વખતે તંત્ર ઉત્સાહિત છે અને આ સ્પર્ધાના આયોજનને આખરી રૂપ આપવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત સગર્ભા મહિલાઓ જે બીપીએલ પરિવારની નોંધાયેલી છે તેમને દવાયુક્ત મચ્છરદાનીથી રક્ષિત કરવા માટે ખાસ કેમ્પોનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. તાજેતરમાં જિલ્લા હેલ્થ મિશનની મળેલ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો તે ઉલ્લેખનીય છે.

## સાયકલ પ્રવાસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરની ૨૫ કિલોમીટરની પ્રદક્ષિણા તેઓ સાયકલ પર કરી રહ્યા છે. જૂન મહિનામાં તેઓ પર્વતીય વિસ્તારના અનુભવ માટે માઉન્ટ આબુ સુધીની સાયકલ યાત્રા કરી હતી. ગાંધીનગરથી થોળ તળાવ સુધીની ૫૦ કિલોમીટરની સાયકલ યાત્રા અને ગાંધીનગરથી મહુડી-ઘેધુ ચોકડીનો ૧૦૦ કિલોમીટરનો સાયકલ પ્રવાસ પણ તેમની સાયકલ પ્રેક્ટીસનો ભાગ બન્યા છે. ગાંધીનગરમાં સાબરમતી નદીના રેતાળ પટમાં તેઓ દર સપ્તાહે પી.ડી.પી.યુ. સુધીનો સાયકલ પ્રવાસ કરી ચૂક્યા છે. સાયકલીંગનો સઘન પ્રેકટિસ પછી લેહ સુધીના પડકારરૂપ સાયકલ પ્રવાસ માટે શ્રી આલોક બ્રહ્મભટ્ટ સંપૂર્ણ સજજ અને આત્મવિશ્વાસથી સભર છે.

શ્રી આલોક બ્રહ્મભટ્ટના આ સાહસિક સાયકલ પ્રવાસની નાનામાં નાની વિગતોથી સાહસિક પ્રવાસના શોખીનો અને તેમના મિત્રો માહિતગાર થઈ શકે તે માટે આ પ્રવાસની રોજે રોજની વિગતો તેમની વેબસાઈટ alokbrahmbhatt.info અને ટ્વીટર એકાઉન્ટ @alokbrahmbhatt તથા તેમના ફેસબુક પેજ પર નિયમીત અપડેટ કરાશે.